દહેગામના કોઠી ગામે ચૂંટણીના પરિણામ બાદ તલવાર-લાકડીઓ ઉછળી

છ ટેકેદારો ઘાયલ : ૧૬ વ્યક્તિઓ વિરૂદ્ધ રાયોટીંગનો ગુનો દાખલ - સામસામે ફરિયાદ

ગાંધીનગર, તા. ૬

જિલ્લાના દહેગામ તાલુકાના કોઠી ગામનું ચૂંટણી પરિણામ આવ્યા બાદ રાત્રીના અરસામાં હારનાર અને જીતનાર બન્ને ઉમેદવારોના ટેકેદારો વચ્ચે લાકડીઓ અને તલવારો ઉછળી હતી. રાત્રે સામસામે આવી ગયેલા ટેકેદારો પૈકી બન્ને ઉમેદવારોના ત્રણ-ત્રણ ટેકેદારોને નાની-મોટી ઈજાઓ થવા પામી હતી. આ બનાવ અંગે દહેગામ પોલીસે જીતનાર ઉમેદવારના ૯ અને હારનાર ઉમેદવારના ૭ ટેકેદારો વિરૂદ્ધ કેસ ફરીયાદ બાદ રાયોટીંગનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

ગ્રામ પંચાયતની ચૂંટણીના પરીણામ બાદ દહેગામ તાલુકાના કોઠી ગામમાં ટેકેદારો વચ્ચે ધીંગાણું થયું હતું. કોઠી ગામમાં ગજરાબેન ઉદાજી ઠાકોર અને આરસબા ધર્મેન્દ્રસિંહ ચૌહાણ બન્ને મહિલા ઉમેદવારો ચૂંટણી જંગમાં ઉભા રહ્યા હતા. પરિણામ આવતા ગજરાબેન ઠાકોર વિજેતા જાહેર થયા હતા. રાત્રીના સુમારે વિજેતા ઉમેદવારના ટેકેદારો ઘરે પરત ફરી રહ્યા હતા તે દરમ્યાન હારેલા ઉમેદવારના ટેકેદારો સાથે કોઈ બાબતે માથાકુટ થઈ હતી. જેને ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. બન્ને ઉમેદવારોના ટેકેદારો સામસામે આવી ગયા હતા અને તલવાર અને લાકડીઓ ઉછળતા મામલો ઉગ્ર બન્યો હતો. ધીંગાણામાં બન્ને પક્ષના ૩-૩ ટેકેદારોને ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ સંદર્ભે બન્ને પક્ષે સામસામે ફરીયાદ નોંધાતા દહેગામ પોલીસે ૧૬ વ્યક્તિઓ વિરૂદ્ધ રાયોટીંગનો ગુનો નોંધી તપાસનો દોર શરૂ કર્યો છે.

(તસવીર : દિપક જાની)

ગાંધીનગરમાં જાહેર માર્ગો રખડતા ઢોરોનો ત્રાસ વર્ષોથી યથાવત રહ્યો છે. બગીચાઓનું શહેર બનાવવાના સંકલ્પ મનોરથને રખડતા ઢોર ચીરેચીરા કરી નાંખે છે. ટ્રાફિકમાં અગવડરૂપ તો થાય જ છે પણ સર્કલ ઉપર અને સેન્ટ્રલ વિસ્ટામાં લાખો રૂપિયા ખર્ચે વવાતી હરિયાળી અને ફૂલ-છોડ રફેદફે કરી નાંખે છે. રખડતા ઢોરના નિયંત્રણ માટે તંત્ર સમક્ષ વારંવાર રજૂઆત થતાં સ્થિતિમાં કોઈ જ ફેરફાર આવી શક્યો નથી.

લારી-ગલ્લાધારકોને જિલ્લા પોલીસ બાતમીદાર બનાવશે

મોટાભાગના લુખ્ખા તત્વો તથા ગુનેગારોની બેઠક કોઈને કોઈ ગલ્લે હોય છે : ગુનેગાર સુધી પહોંચવા તથા આસપાસની અસામાજીક પ્રવૃત્તિઓની બાતમી મેળવવા તેમની યાદી તૈયાર થશે

ગાંધીનગર, તા. ૬

અત્યાર સુધી શહેરના લારી-ગલ્લા તથા તેના માલીકોની યાદી નોટીફાઈડ કે મનપા પાસે હોય છે પરંતુ હવે પોલીસ પણ તેમની યાદી તૈયાર કરી ગુનાખોરી અટકાવવા તથા ગુનેગારો સુધી પહોંચવા પ્રયત્ન કરશે. સામાન્ય રીતે લારી-ગલ્લાઓ પર અસામાજીક તત્વો તથા કેટલાક માથાભારે શખ્સોની પણ બેઠક હોય છે. જેથી તે ગલ્લા પર સતત ગુના સંબંધીત ચર્ચાઓ પણ થતી હોય છે. આ બાબતનો સકારાત્મક ઉપયોગ કરી લારી-ગલ્લા ધારકોની બાતમીદાર તરીકે મદદ લેવા માટે જિલ્લા પોલીસ દ્વારા તેમની યાદી તૈયાર કરવામાં આવી રહી છે.

પોલીસ રાત્રે સમય પહેલા લારી-ગલ્લા બંધ કરાવી દેતા હોવાની રજુઆત તાજેતરમાં એસોસીએશન દ્વારા જિલ્લા તથા રાજ્ય પોલીસ વડાને કરવામાં આવી હતી. દરમ્યાન જિલ્લા પોલીસે આરોપીઓ સુધી પહોંચવા માટે એક નવો કિમીયો અપનાવ્યો છે. લારી-ગલ્લા ધારકોનો બાતમીદાર તરીકે ઉપયોગ કરી ગુનાખોરી અંકુશમાં લાવવા તથા ગુનેગારોની માહિતી મેળવવા ઉપરાંત આસપાસના વિસ્તારોમાં ચાલતી અસામાજીક પ્રવૃત્તિઓને નાબુદ કરવા પોલીસે એક પ્લાન ઘડી કાઢ્યો છે. શહેરના તમામ લારી-ગલ્લા તથા તેના માલીકોની યાદી તૈયાર કરીને તેમની પાસેથી પોલીસ માહિતી મેળવશે. અસામાજીક તત્વોની બેઠક મોટે ભાગે કોઈ ને કોઈ ગલ્લા પર હોય છે જેની તે ગલ્લાધારકને તેની પ્રવૃત્તિઓની જાણ પણ થતી રહેતી હોય છે. તે ઉપરાંત તેની આસપાસના વિસ્તારમાં ક્યાં, કેવી પ્રકારની પ્રવૃત્તિઓ થાય છે તેનાથી પણ તે ગલ્લાધારક સારી રીતે વાકેફ હોય છે. જેને પગલે લારી-ગલ્લાધારકોની યાદી તૈયાર કરીને તેમની પાસેથી ગુનેગારો તથા અસામાજીક પ્રવૃત્તિઓ અંગેની માહિતી મેળવી ગુનેગાર સુધી પહોંચવાના પ્રચાર અર્થે જિલ્લા પોલીસે નવતર પ્રયોગ હાથ ધર્યો છે.

ફળ-ફૂલ, શાકભાજીનું શુક્રવારે અમદાવાદમાં પ્રદર્શન યોજાશે

ગુજરાત હોર્ટીકલ્ચર એસોસીએશનના ઉપક્રમે ૪પમું ફળ-ફુલ, શાકભાજી પ્રદર્શન તા. ૮મી ફેબ્રુઆરીના રોજ અમદાવાદમાં નર્સરી કંપાઉન્ડ ગજજર હોલ પાસે યોજયો. જેનું ઉદ્‌ઘાટન ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષણ અને કાયદામંત્રી કરશે. અધ્યક્ષ સ્થાને બાહુબલી શાહ, ગુજરાત સમાચાર, અતિથિ વિશેષ પદે એસ.એ. રમેશરંગમ્, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના જનરલ મેનેજર, મુખ્ય મહેમાન પદે બી.એસ. પટેલ નિયામક, બાગાયત ખાતું ઉપસ્થિત રહેશે. આશિષ પટેલ કાર્યકારી પ્રમુખ અને ડૉ. ઓ.પી.સકસેના સેક્રેટરી ગુજરાત હોર્ટીકલ્ચર એસોસીએશન અમદાવાદે જણાવેલ છે.

ડેપોમાં પાકીટ સરકાવી રહેલા પાકીટમારને મુસાફરે પકડી પાડ્યો

રોષે ભરાયેલા મુસાફરોના ટોળાએ પાકીટમાર શખ્સને ધીબેડી નાંખ્યો : સાડા ત્રણ વાગ્યાથી શિકાર શોધી રહેલા શખ્સને સાત વાગે તક મળતા ભીડભાડમાં હાથ અજમાવ્યો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં ગઈકાલે સાંજના સુમારે બસમાં ચઢતી વખતે ભીડભાડનો લાભ લઈને ખિસ્સામાંથી પાકીટ સરકાવવા જતા એક પાકીટમારને મુસાફરે ઝડપી પાડ્યો હતો. વારંવાર ડેપોમાં ખિસ્સા કાતરવાના બનતા કિસ્સાઓથી તોબા પોકારી ગયેલા મુસાફરો રોષે ભરાયા હતા અને ઝડપાયેલા પાકીટમાર શખ્સને ધીબેડી નાંખ્યો હતો. મુસાફરોનું ટોળુ પાકીટમાર પર તુટી પડતાં તેને ડેપોની કેબીનમાં બેસાડી દઈ પોલીસને બોલાવી લેવામાં આવી હતી. જો કે પાકીટમાર વિરૂદ્ધ મુસાફરે ફરીયાદ કરવાનું ટાળ્યું હતું.

ખિસ્સાકાતરૂઓ સહિતના ગુનેગારોનું હબ બની ગયેલા ગાંધીનગર એસ.ટી. ડેપોમાં વધુ એક ખિસ્સા કાતરવાનો પ્રયાસ થતાં હોબાળો મચી જવા પામ્યો હતો. ખિસ્સામાં હાથ નાંખીને પાકીટ નિકાળવા જતાં જ સતર્ક મુસાફરે તેને પકડી પાડ્યો હતો. અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારથી ગાંધીનગર એસ.ટી. ડેપોમાં સ્પેશ્યલ ખિસ્સા કાતરવા માટે આવેલો શખ્સ બપોરના સાડા ત્રણ વાગ્યાથી ખિસ્સુ કાતરવા માટે શિકાર શોધી રહ્યો હતો. બપોરથી ડેપોમાં આમ-તેમ ફરી રહેલા તે શખ્સને સાંજ સુધી તક મળી ન હતી પરંતુ સાંજે સાતેક વાગ્યાના સુમારે ગાંધીનગર-દહેગામ રૂટની બસમાં ભારે ભીડ દેખાતા તે પણ ત્યા પહોંચી ગયો હતો અને બસમાં ચઢી રહેલા એક મુસાફરના ખિસ્સામાં હાથ નાંખી દીધો હતો. ખિસ્સામાંથી પાકીટ નિકાળવામાં હાથ ઉંધો પડતાં મુસાફરને તેના ખિસ્સામાં કોઈનો હાથ ગયો હોવાનો ખ્યાલ આવી ગયો. તેણે તુરંત જ પાછળ વળીને જોતા પાકીટમાર ગભરાઈ ગયો હતો અને બસમાંથી ઉતરી તેણે ભાગવાનો પ્રયત્ન કર્યો હતો જો કે ભીડભાડને લીધે તે ભાગી શક્યો ન હતો અંતે તે મુસાફરે જ તેને પકડી પાડીને સ્થળ પર જ ઢોર માર માર્યો હતો. માર ખાઈ રહેલો શખ્સ પાકીટમાર હોવાનું જાણવા મળતા ડેપોમાં ઉભેલા અન્ય મુસાફરો પણ ઉશ્કેરાઈને તેના પર તુટી પડ્યા હતા અને અવારનવાર ખીસ્સા કાતરવાના કિસ્સાથી કંટાળી રોષે ભરાયેલા મુસાફરોએ તેને મેથીપાક ચખાડવાનું શરૂ કરી દેતા પાકીટમારને કેબીનમાં મુકવો પડ્યો હતો. અને પોલીસ બોલાવી લીધી હતી જો કે ભોગ બનનાર મુસાફરે ફરીયાદ આપવાનુંટાળતા ગુનો નોંધાવા પામ્યો નથી.

શ્રી શકટામ્બિકા માતાજી મંદિરના પાટોત્સવ દર્શને અમદાવાદથી સંઘ પ્રયાણ કરશે

ગાંધીનગર, તા.૬

શ્રી શકટામ્બિકા માતાજી મંદિરના પાટોત્સવ દર્શન નિમિત્તે મહાસુદ-૩ને તા. ૧૩મી ફેબ્રુઆરી ૨૦૧૩ને સવારે ૬ કલાકે રાણીપ (અમદાવાદ) થી પસવાદળ (સિધ્ધપુર) જવા સંઘ પ્રયાણ કરશે.

આ પગપાળા સંઘ પંડયા નરેન્દ્રભાઈ રતિલાલના નિવાસસ્થાન ઈ/૧, વારાહ પ્રભુ સોસાયટી નવનિર્માણ સ્કૂલ સામે, રાણીપ-અમદાવાદ ખાતેથી પ્રસ્થાન કરશે. ઉપરાંત અમદાવાદથી પસવાદળ લકઝરી બસ દ્વારા જવા ઈચ્છતા શ્રધ્ધાળુઓએ સવારે ૬ કલાકે રૂપાલી સિનેમા પાસે અમદાવાદ મુકામે સંદિપભાઈ (૨૨૧૭ ૨૭૬૭), નયનભાઈ (૯૮૨૫૦ ૦૫૯૧૭)ને પોતાના નામ નોંધાવવાના રહેશે.

રેશનલ સમાજની બેઠક મળશે

ગાંધીનગર, તા.૬

રેશનલ સમાજ ગાંધીનગરની માસીક બેઠક તા. ૯ ફેબ્રુઆરી શનિવારના રોજ સાંજે ૪ કલાકે સેકટર-૨૩ બ્લોક નં. ૬૧/૨ 'ઘ' ટાઈપ ખાતે મળશે.

શહેરના સેકટર-૨૩ ખાતે આવેલ નિસર્ગ સાયન્સ સેન્ટરમાં રેશનલ સમાજ દ્વારા માસિક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શહેરના જાણીતા રેશનાલીસ્ટ વાગ્મીનભાઈ બુચ 'આવો સામાજીક પ્રદુષણમાંથી આપણે બહાર નીકળીએ' તે વિષય ઉપર પોતાનું વકતવ્ય આપશે. રેશનલ સમાજના સર્વે સભ્યોને સમયર આ બેઠકમાં ઉપસ્થિત રહેવા સંસ્થાના મંત્રી પંકજ પટેલે જણાવ્યું છે.

ઉત્તર ગુજરાતની જ્ઞાન નગરી ગણાતા પાટણથી ગઈ તા. ૨૦મી જાન્યુઆરીના રોજ આરંભાયેલ વીર મેઘમાયા રથ ગઈકાલે ગાંધીનગર આવી પહોંચ્યો હતો. આ રથમાં અનુ. જાતિ નિગમના ચેરમેન શ્રી ઝવેરભાઈ ચાવડા, શ્રી કાન્તિભાઈ પટેલ સહિતના જોડાયેલા આગેવાનોનો સત્કાર વોર્ડ નં. ૧૧ના કાઉન્સીલરો શ્રી આશિષ દવે, શ્રીમતી રમીલાબેન પરમાર શહેરના ભાજપના મહામંત્રી શ્રી અતુલ પટેલ, પૂર્વ મંત્રી શ્રી નરેશ પરમાર દલિત સમાજના આગેવાનો શ્રી સુમંત મકવાણા, શ્રી હરેશ ચાવડા, ડાહ્યાભાઈ પરમાર સહિત ૩૦૦થી પણ વધુ કાર્યકર્તાઓ જોડાયા હતા તે પ્રસંગે લેવાયેલી તસવીર.

વકીલો દ્વારા જિલ્લા કક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

૧૦ ફેબ્રુઆરીથી ઝેવિયર્સના મેદાન ખાતે એડવોકેટ કપ ૨૦૧૩ની મેચ રમાશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર ડીસ્ટ્રીકટ કોર્ટના વકીલો દ્વારા આગામી તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ સે-૮ સેન્ટ ઝેવિયર્સ મેદાન ખાતે જિલ્લા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

એડવોકેટ કપ ૨૦૧૩ સંદર્ભે મુખ્ય આયોજક સલિમ યુ.મોદન, જીતેન્દ્ર પટેલ તેમજ કરણસિંહ ગોહીલે માહિતી આપતા જણાવ્યું હતું કે આગામી તા. ૧૦ ફેબ્રુઆરીથી સેન્ટ ઝેવિયર્સ ગ્રાઉન્ડ ખાતે જિલ્લા કક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટ યોજવામાં આવનાર છે. ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે આગામી તા. ૮ ફેબ્રુઆરી સુધીમાં કોર્ટ બિલ્ડીંગના રૂમ નં. ૭માં ફોર્મ પરત કરવાના રહેશે. ૧૬ ઓવરની મેચમાં પ્રથમ પાંચ ઓવર પાવરપ્લે ગણવાનો રહેશે. જિલ્લા કક્ષાની આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં કોર્ટના વકીલો, કોર્ટ સ્ટાફ, કલેકટર કચેરીના કર્મચારીઓ ઉપરાંત પત્રકારો પણ ભાગ લઈ શકશે. ટુર્નામેન્ટમાં ભાગ લેનાર ટીમના ખેલાડીઓને કેપ આપવામાં આવશે. જયારે ફાઈનલ વિજેતા ટીમ અને રનર્સ અપ ટીમને ટ્રોફી એનાયત કરાશે.

વકીલો દ્વારા આયોજિત આ ટુર્નામેન્ટમાં મેચના રાઉન્ડ રવિવારના દિવસે જ રાખવામાં આવશે. ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજનને સફળ બનાવવા લાલસિંહ ગોહિલ, ગજેન્દ્રસિંહ રાઠોડ, ચિંતન ત્રિવેદી, ધવલ મહેતા, ક્રિષ્ના રાવલ સહિતના વકીલો જહેમત ઉઠાવી રહ્યા છે.

રસ્તો ઓળંગી રહેલા પ્રૌઢ શ્રમિકનું ટ્રકની અડફેટે મૃત્યુ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર-સરખેજ હાઈવે પર સ્થિત ખોરજ પાસે અદાણી ગ્રુપની કન્સ્ટ્રકશન સાઈટ પર મજુરી કામ કરી રહેલા પશ્ચિમ બંગાળના પ્રૌઢ મજુર સવારે ખોરજ બ્રીજનો રસ્તો ઓળંગી રહ્યા હતા તે દરમ્યાન બેફામ ગતિએ આવી રહેલી ટ્રકના ચાલકે તેમને અડફેટે લઈ લેતા ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. અડાલલજ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અકસ્માત કરનાર ટ્રકચાલકની ધરપકડ કરી લીધી છે અને ટ્રક કબ્જે કર્યો છે.

ખોરજ ગામ પાસે સ્થિત અદાણી ગ્રુપની કન્સ્ટ્રકશન સાઈટ પર મજુરી કામ કરતાં મુળ પશ્ચિમ બંગાલના ૫૦ વર્ષીય શ્રમિક નિતેનભાઈ ખિતિષભાઈ પ્રામાણીક આજે સવારે ૧૦ વાગ્યાના સુમારે સાઈટ પરથી ચાલતા-ચાલતા ખોરજ ગામમાં કરીયાણું લેવા જઈ રહ્યા હતા. નિતેનભાઈ ખોરજ ઓવરબ્રીજ પાસે પહોંચીને રસ્તો ઓળંગી રહ્યા હતા તે દરમ્યાન એસ.જી. હાઈવે પર પુરપાટ ઝડપે આવી રહેલી ટ્રક નં. જીજે-૯-ઝેડ૩૦૬૫ના ચાલકે રસ્તો ઓળંગી રહેલા શ્રમિક નિતેનભાઈને અડફેટે લઈ લીધા હતા. ટ્રકની ટક્કરથી ફંગોળાઈને પટકાતા તેમનું બનાવ સ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. અડાલજ પોલીસને આ બનાવ અંગે જાણ થતા પી.એસ.આઈ. રાઠવા સ્થળ પર પહોંચી ગયા અને મૃતદેહ પીએમ માટે મોકલી ટ્રક ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આરોપી ટ્રકચાલક રેજીભાઈ પ્રભાતભાઈ વાઘેલા રહે. કપડવંજ જી. ખેડાની ધરપકડ કરી ટ્રકને જપ્ત કરી લઈ તેની સઘન પુછપરછ શરૂ કરી દેવામાં આવી છે.

અવસાન નોંધ

વાલમ બ્રાહ્મણ અને મૂળ મૌવૈયાના વતની અને શહેરના સેક્ટર-૨૧ ખાતે રહેતા અમિતભાઈ પંડ્યાના પિતાજી રશ્મિકાંત પંડ્યા (બકાભાઈ)નું આજે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું ૮ ફેબ્રુઆરીને શુકવારના રોજ સાંજે ૪ થી ૬ દરમ્યાન સેક્ટર-૨૧, પ્લોટ નં. ૫૩૯/૧ 'કમલા' મહાવીર સોસાયટી ખાતે રાખવામાં આવેલ છે.

ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટનો સ્નેહમિલન સમારંભ યોજાશે

ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ ગાંધીનગરનો નવમો વાર્ષિક સ્નેહ મિલન સમારોહ તા. ૨૩ ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે સેક્ટર-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે. ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા સમાજના તેજસ્વી તારલાઓ તેમજ સમાજના વિશિષ્ટ સિદ્ધિ મેળવેલા મહાનુભાવો, બઢતી અને નવી નિમણૂંક મેળવેલા તથા સમાજના સેવા નિવૃત્ત અધિકારી/કર્મચારીઓનું સન્માન કરવામાં આવશે. આ તમામની માહિતી તા. ૧૫-૨-૨૦૧૩ સુધી વોર્ડના કારોબારી સભ્યને માહિતી મોકલી આપવા સંસ્થાના પ્રમુખ કાન્તીભાઈ ડામોરે જણાવ્યું છે. વધુમાં સમારોહમાં સમાજના સૌને સહ પરિવાર ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૮
સૂર્યાસ્ત : ૬.૨૭

તાપમાન

મહત્તમ : ૨૫.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૪ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૫ ટકા ● સાંજે ૩૧ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
વિશ્વરૂપમ્ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
ડેવિડ : ૧૨.૩૦, ૬.૩૦
રેસ-૨ : ૩.૪૫, ૧૦.૦૦
ઈન્કાર : ૬.૪૫
: સ્ક્રીન-૩ :
ડેવિડ : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૦૦
દિવાના મેં દિવાના : ૧૨.૪૫
મેં : ૫.૪૫
રેસ- ૨ : ૭.૩૦
: સ્ક્રીન-૪ :
વિશ્વરૂપમ્ : ૩.૩૦
મેં : ૫.૪૫
ડેવિડ : ૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રેસ-૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૫.૦૦
સમજદી (ગુજરાતી) : ૨.૪૫, ૫.૦૦
: સ્ક્રીન-૨ :
રેસ-૨ : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૪૫, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
વિશ્વરૂપમ્ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
ડેવિડ : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

તુ મારો કોણ લાગે (ગુજરાતી) : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વિશ્વરૂપમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ડેવિડ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
વિશ્વરૂપ: ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
રેસ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

વિરાગ, કલોલ

વિશ્વરૂપમ્ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

● 'અરે વહુ હવે બહુ થયુ' નામક નાટક કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે.

આપની આજ

મેષ : કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે. ભૂમિ- સંપત્તિના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ થવાની સંભાવનાઓ છે.

વૃષભ : નવા કાર્યો, વિચાર, યોજનાઓ થઈ શકે છે. અથાગ પ્રયત્નોનો ઓછા લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ રહેવાની સંભાવના છે. આર્થિક વિવાદોથી નુકસાન થવાની સંભાવના રહેલી છે.

મિથુન : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. વિચારેલું કાર્ય સમયપર થશે. આર્થિક લાભની તક મળી શકશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. ઋણથી મુક્ત થઈ શકશો. મિત્રો અને કુટુંબિજનનો સહયોગ કાર્યમાં મળી રહેશે.

કર્ક : વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની સંભાવના છે. તમારી મિલનસારીતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક માન-સન્માનમાં વધારો થઈ શકશે.

સિંહ : મહત્વપૂર્ણ કાર્ય પર ખર્ચ થશે. લાભ મળવાના પ્રબળ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. શત્રુ, વિવાદ વગેરેમાં ખર્ચ થઈ શકે છે.

કન્યા : આજે આપને પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સંબંધોમાં સુધારો થશે.

તુલા : અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થઈ શકશે.

વૃશ્ચિક : નવા સંબંધો સ્થપાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

ધન : સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો.

મકર : સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

કુંભ : વિવાદ કે મુકદમાનો નિવેડો આવશે. વિદ્યાર્થી પોતાની મહેનતથી આગળ વધશે. વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. ગુસ્સા પર કાબુ રાખવો.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારુંવાતાવરણ આપના મનને પ્રસન્નતા અને પ્રગતિમાં સહાયક બની રહેશે. વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાવચેતી રાખવી.

ચિરવિદાય

● સ્વ. રશ્મિકાંત ભાનુશંકર પંડ્યા (ઉ.વ. ૬૭) પ્લોટ નં. ૫૩૧/૧, મહાવીર સોસાયટી, સેકટર-૨૧, ગાંધીનગર.